Extra No. 191

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JUNE 5, 2025 / JYAISTHA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**ના તારીખઃ **૧૮મી માર્ચ, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજી/૩૩/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૩.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૩૩/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૩/:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા કેર્ન ઓઈલ એન્ડ ગેસ વેદાન્તા લિમિટેડ. એબોવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન - (એજીઆઈ)-૨૨, ગામ- મોટા અંકેવાળીયા, તા.- ધાંગધ્રા, જિ.- સુરેન્દ્રનગર, ગુજરાતને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	**સરનામું**	**સરવે નંબર અને ક્ષેત્રફળ**	**પ્રતિબંધિત વિસ્તારની હદો**
કેર્ન ઓઈલ એન્ડ ગેસ વેદાન્તા લિમિટેડ. એબોવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન - (એજીઆઈ)-૨૨	**ગામ:** મોટા અંકેવાળીયા **તાલુકો:** ધાંગધ્રા **જિલ્લો:** સુરેન્દ્રનગર	૧૧૧૮ (જૂનો સરવે નં. ૮૩૧/ પૈકી ૨/ પૈકી ૨) **કુલ ક્ષેત્રફળ:** ૫૧૨૭ ચોરસ મીટર **પ્રતિબંધિત ક્ષેત્રફળ:** ૫૧૨૭ ચોરસ મીટર	**પૂર્વે:** મોટા અંકેવાળીયા થી ગુજરવદી રોડ **પશ્ચિમે:** સરવે નં. ૧૧૧૯ અને સરવે નં. ૧૧૧૭ની જમીન **ઉત્તરે:** સરવે નં. ૧૧૧૯ની જમીન **દક્ષિણે:** સરવે નં. ૧૧૧૭ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી,

ગૃહ વિભાગ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.06.28 13:48:11 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar